# સામાન્ય નિયમો

- ટુર કોન્ટ્રાક્ટ ફોર્મમાં જણાવેલ નિયમો દરેક પ્રવાસ માટે બંધનકર્તા રહેશે.
- ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટિકિટ ગણાશે. બાળક સીટ વગરના દરમાં અડધી ટિકિટનો પોતાની બર્થ-સીટમાં સમાવેશ કરવાનો રહેશે. ૧ થી ૧૧ વર્ષની વચ્ચેની ઉંમરના બાળક માટે જન્મ તારીખના પુરાવાની ઝેરોક્ષ કોપી બુકીંગ વખતે ફરજિયાત આપવાની રહેશે. ૨ વર્ષના બાળકની બાય એર પ્રવાસમાં આખી ટિકિટ લેવાની રહેશે તથા ૨ વર્ષની નીચેના બાળકનો ઈન્ફન્ટનો ચાર્જ આપવાનો રહેશે.
- ૧ થી ૩ વર્ષના બાળક માટે આખી ટિકિટના દરના ૧૫ ટકા ચાર્જ લેવામાં આવશે. કોઈપણ પ્રકારની કુદરતી આફત, ટ્રેન અકસ્માત, રાજકીય ઘટના કે અન્ય કોઈપણ કારણસર ટુરના પ્રોગ્રામમાં ફેરફાર કરવો પડે અથવા ઓછો કરવો પડે તો તેવા સંજોગોમાં કોઈપણ પ્રકારનું રિફંડ પ્રવાસીઓને મળશે નહીં.
- કોઈપણ કારણસર પ્રવાસી વચ્ચેથી પ્રવાસ છોડી દેશે તો તેમને કોઈપણ પ્રકારનું વળતર આપવામાં આવશે નહીં. પ્રવાસમાં સંચાલનમાં અવરોધ ઉભા થાય તેવી ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ કરવાવાળા, દારૂ પીને બીભત્સ વર્તન કરનાર પ્રવાસીઓને તેજ સમયે છોડી દેવામાં આવશે અને તે અંગે કોઈપણ પ્રકારનું વળતર આપવામાં આવશે નહીં.
- કોઈપણ કારણસર પ્રવાસના દિવસો વધશે તો પ્રવાસીએ વ્યક્તિદીઠ એક દિવસનાં રૂા.૩૦૦૦ મુજબના વધારાના નામાં રોકડા પ્રવાસમાં ટુર મેનેજરને આપવાનાં રહેશે.
- પ્રવાસમાં જોડાતા દરેક પ્રવાસીઓ ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, ઈલેક્શન કાર્ડ, પોસ્ટ આઈડેન્ટીટી કાર્ડ, આધાર કાર્ડ, ઈન્કમટેક્ષનું પાનકાર્ડ વિ.માંથી કોઈપણ એક અસલ ફોટાવાળું ઓળખપત્ર પ્રવાસમાં ફરજિયાત સાથે રાખવાનું રહેશે.
- પ્રવાસ આયોજક તરફથી માત્ર સંસ્થાનું જ એલ.ટી.સી. સર્ટિફિકેટ આપવામાં આવશે. એલ.ટી.સી.ની રકમ અપાવવાની કોઈ જ જવાબદારી સંસ્થાની રહેશે નહીં.
- પ્રવાસ ઉપડવાની તારીખમાં સંજોગોવશાત ફેરફાર કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક છે અને તે દરેક પ્રવાસીએ માન્ય રાખવાનો રહેશે.
- રિફંડ રકમ એકાઉન્ટ પે ચેકથી જ આપવામાં આવશે. હાલના ટિકિટના દર તા.૧-૪-૨૦૨૪ના રોજ પ્રવર્તતા, વાહન, ભાડા, સરકારી ટેક્ષ તથા સામાન્ય ખર્ચના આધારે નક્કી કરવામાં આવેલ છે. પ્રવાસ ઉપડતા અગાઉ ઉપરોક્ત ખર્ચના આકસ્મિક વધારો થશે તો તે વધારાનો ખર્ચ પ્રવાસીઓએ કંપનીને અલગથી ચૂકવવાનો રહેશે.
- ટિકિટની બાકીની રકમ પ્રવાસ ઉપડવાના ૩૦ દિવસ અગાઉ ભરવાની રહેશે. સમયસર નાણાં નહીં ભરનારની નોંધાયેલી સીટો કેન્સલ ગણાવામાં આવશે અને તેનું કોઈપણ પ્રકારનું રિફંડ આપવામાં આવશે નહીં.
- પ્રવાસ એ સર્વિસિસનો ધંધો છે અને તેમાં ત્રાહિત શખ્સ તેમજ અન્ય સંસ્થાઓની સેવા લેવામાં આવે છે અને તેના ઉપર અમારી સંસ્થાનું કોઈ જ નિયંત્રણ નથી તેથી અગવડતા સગવડતા રહેશે. માટે કોમળ પ્રકૃતિવાળા તેમજ માનસિક અસર થતી હોય તેવા પ્રવાસીઓએ પ્રવાસમાં જોડાવવું નહીં.
- પ્રવાસમાં પ્રવાસી દીઠ વધુમાં વધુ ૧૫ કિલો વજન સુધીની એક બેગ તથા પાંચ કિલો વજન સુધીની હેન્ડબેગ લાવી શકાશે. તદ્ઉપરાંતના સામાનનો લગેજ ખર્ચ પ્રતિ કિલોના રૂા.૩૫૦ લેખે પ્રવાસમાં ટુર મેનેજરને રોકડા ચૂકવવાના રહેશે.
- પ્રવાસનાં નિયમો અંગે તથા પ્રવાસીને વ્યવસ્થા માટે થયેલ મનદુ:ખ અંગે કે કાનુની કાર્યવાહી કરવી પડે તો તે પ્રવાસીનું બુકિંગ ગમે ત્યાંથી કરવામાં આવ્યું હોય તેમ છતાંય ફક્ત અમદાવાદ શહેરમાં આવેલ કોર્ટ મારફતે જ કાર્યવાહી કરવાની રહેશે.
- પ્રવાસીઓએ દરેક સૂચના તથા નિયમો વાંચ્યા છે અને તે દરેક પ્રવાસીને બંધનકર્તા છે તેમ સમજીને પ્રવાસમાં જોડાયેલ છે તેમ કંપની માને છે.
- પ્રવાસીઓને રેલ્વે સ્ટેશન કે એરપોર્ટ ઉપર પીકઅપ અથવા ડ્રોપ કરવામાં આવશે નહીં. દરેક પ્રવાસીએ સ્વખર્ચે નક્કી કરેલ હોટલ કે સ્થળથી જોડાવવાનું કે છુટા થવાનું રહેશે.
- નેપાલ-ભુતાન કે પરદેશના પ્રવાસમાં જોડાતા પ્રવાસીઓએ જાતે સ્વખર્ચે કસ્ટમ ક્લીયરન્સ કરાવવાની રહેશે. કસ્ટમના કોઈજ ખર્ચનો ટિકિટના દરમાં સમાવેશ થતો નથી.
- પ્રવાસીને પ્રવાસ દરમ્યાન કોઈપણ જાતની તકલીફ હોય તો પ્રવાસમાંથી જ ફોન, મોબાઈલ દ્વારા ઓફિસમાં જાણ કરવા વિનંતી છે જેથી તાત્કાલિક જરૂરી પગલાં લઈ શકાય. અમદાવાદ આવીને ફરિયાદ કરવાથી તકલીફ દૂર થઈ શકતી નથી.
- બાય એર પ્રવાસમાં એરલાઈન્સ કંપની, ફલાઈટના સમયમાં ફેરફાર રહે અથવા ફલાઈટ કેન્સલ કરે તો તે માટે તફાવતની રકમ, રીફંડ, રોકાણ, ભોજનની વ્યવસ્થા તથા ખર્ચ અંગે પ્રવાસ આયોજકની કોઈ જવાબદારી રહેશે નહીં.
- ફોર્મમાં નામ લખ્યા સિવાયની વ્યક્તિ પ્રવાસમાં મુસાફરી કરતા પકડાય તો તેમની પાસેથી ટિકિટની રકમ તથા દંડની રકમ રૂા.૫૦૦૦ લેખે વસુલ કરવામાં આવશે. એક દિવસના બાળકનું નામ પણ ફોર્મમાં ફરજિયાત લખવાનું રહેશે.
- સ્વતંત્ર વાહન માટે વાહનદીઠ તફાવતની રકમ આપનારને બસમાં કોઈ જ સીટ ફાલવવામાં આવશે નહીં.
- ૨૦મી ડિસેમ્બરથી ૫મી જાન્યુઆરી વચ્ચેનાં સમયગાળામાં આયોજિત પ્રવાસોમાં નાતાલની સીઝનનો પંદર ટકા ભાવવધારો ફરજિયાત આપવાનો રહેશે.
- ગ્રુપ પહોંચે તે દિવસે જે પ્રમાણેના રૂમ નંબર હોટલ તરફથી આપવામાં આવશે તે મુજબ જ રૂમની ફાળવણી ટૂર મેનેજર દ્વારા કરવામાં આવશે. કોઈ પણ ગ્રુપને કે બધા જ પ્રવાસીઓએ એક જ ફ્લોર ઉપર, એક જ સાથે, લાઈનમાં વ્યુવાળા કે પ્રવાસીની ઈચ્છા મુજબ જ રૂમો ફાળવી શકાશે નહીં.
- પ્રવાસમાં પૂરતી સંખ્યા ન થાય તો અન્ય સંસ્થા સાથે સહયોગ કરી પ્રવાસનું આયોજન કરવામાં આવશે જે દરેક પ્રવાસીને બંધનકર્તા રહેશે.
- પ્રવાસ આયોજક તરફથી પ્રવાસ કેન્સલ કરવામાં આવે તો ભરેલા નાણા પ્રવાસીને પરત કરવામાં આવશે. અને તે સિવાય અન્ય કોઈપણ જાતની જવાબદારી પ્રવાસ આયોજક કંપનીની રહેશે નહીં. રેલ્વે, એર અન્ય ટિકિટનો કેન્સલેશન ચાર્જ પ્રવાસીએ જાતે ભોગવવાનો છે.

# સામાન્ય માહિતી અને સગવડતાઓ

- TCS is mandatory for International Travel Packages.
- As per Union Budget 2023, 5% TCS will be applicable on International travel packages up till Rs. 7,00,000 (excluding TCS) against each PAN in a financial year (FY).
- Above this limit TCS is applicable at 20% on the incremental amount.
- TCS is neither a cost nor additional tax, it can be fully adjusted against income tax liability and excess, if any, can be claimed as refund.

**રેલ્વે વ્યવસ્થા :**

- પ્રવાસોના ટિકિટના દરમાં રેલ્વે ભાડાનો સમાવેશ કરવામાં આવેલ નથી. રેલ્વે ટિકિટની વ્યવસ્થા પ્રવાસીઓ જાતે કરવાની છે. રેલ્વે ટિકિટ અંગેની કોઈપણ પ્રકારની જવાબદારી પ્રવાસ આયોજકની નથી.
- રેલ્વેના નિયમાનુસાર રેલ્વે ટિકિટનું રિઝર્વેશન ૧૨૦ દિવસ અગાઉ (ઉપાડવાની તારીખ સિવાય) થાય છે. તેથી પ્રવાસીએ પોતાની રેલ્વેની ટિકિટ ૧૨૦ દિવસ અગાઉ મેળવી લેવા આગ્રહભરી વિનંતી છે.
- નિયમ મુજબ રેલ્વે તથા બાયએર મુસાફરોમાં દરેક પ્રવાસીઓએ અસલ ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત છે.

**વાહન વ્યવસ્થા :**

- જોવાલાયક સ્થળોએ એક વખત જવા આવવાના નોન એ.સી. વાહનની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે.
- કોઈ સ્થળે દર્શન અગર જોવાનું બંધ થઈ ગયું હશે. રસ્તો તૂટી ગયો હશે તો ત્યાં ફરીથી લઈ જવામાં આવશે નહીં.
- ઉતારાથી નજીકના સ્થળોએ તથા આપણું વાહન જઈ શકતું ન હોય તેવા સ્થળોએ ચાલીને અગર અન્ય વાહન દ્વારા સ્વખર્ચે જવાનું રહેશે.
- પ્રવાસીઓની સંખ્યા પ્રમાણે જરૂરી કેપેસીટીવાળા વાહનની વ્યવસ્થા કરવામાં આવશે. અને તે દરેક પ્રવાસીને માન્ય રહેશે.
- પહાડી મુસાફરીમાં આર.ટી.ઓ. ના કાયદા મુજબ વાહનમાં ટેપરેકોર્ડર, સીડી-ડીવીડી, ટીવી ચલાવવાની મનાઈ હોવાથી પહાડી મુસાફરીમાં આ વ્યવસ્થા આપવામાં આવશે નહીં.
- એ.સી. વાહનમાં ઢોળાવ ચઢતી વખતે એ.સી. બંધ રહેશે.
- અનિવાર્ય સંજોગોમાં બસના બદલે નાના વાહન-ઈન્ડીકા-ઈન્ડીગો, સ્વીફ્ટ, ડીઝાયર, ટવેરા, ઈનોવા, ક્વોલીસ, ઝાયલો, ટેમ્પો ટ્રાવેલર દ્વારા પ્રવાસનું આયોજન કરવાની ફરજ પડે તો તે દરેક પ્રવાસીને બંધનકર્તા રહેશે અને પ્રવાસીઓએ છાપેલ ટિકિટના દર કરતાં ૨૦ ટકા વધુ રકમ આપવાની રહેશે. જેમાં હોટલમાંથી બ્રેકફાસ્ટ તથા ડીનરની વ્યવસ્થા રહેશે. નાના વાહનમાં લંચ, મીનરલ વોટર તથા ટુર મેનેજરની સગવડતા રહેશે નહીં.

**ભોજન વ્યવસ્થા : (ફક્ત શાકાહારી)**

- પ્રવાસ દરમ્યાન હોટલમાંથી અથવા કંપનીના રસોઈયા દ્વારા બનાવેલ સવારે ચા-કોફી સાથે નાસ્તો તથા સમયની અનુકૂળતા પ્રમાણે બે સમય ભોજન આપવામાં આવશે. અઠવાડિયે ત્રણ વખત મિષ્ટાન ભોજન અપાશે. જમવામાં બુફેની વ્યવસ્થા રહેશે.
- રેલ્વે-બાયએરની મુસાફરી દરમ્યાન કંપની તરફથી ચા-કોફી - નાસ્તો કે ભોજનની વ્યવસ્થા રહેશે નહીં.
- પ્રવાસીએ વૈષ્ણવ, જૈન તથા સ્વામિનારાયણ ભોજન મેળવવા માટે ગ્રુપ ટુર કે પેકેજ બુક કરાવતી વખતે લેખિતમાં જણાવવાનું રહેશે.

**રહેઠાણ વ્યવસ્થા :**

- રાત્રિ રોકાણ દરમ્યાન બે આખી ટિકિટ વચ્ચે હોટલમાં નોન એ.સી. ડબલ બેડનો રૂમ આપવામાં આવશે. કોઈ સ્થળે ટ્વિન બેડ (અલગ અલગ બેડ) પણ હોઈ શકે છે.
- પ્રવાસમાં જે સ્થળોએ હોટલમાં એ.સી. રૂમમાં રાત્રિ રોકાણની વ્યવસ્થા છે તેનો ઉલ્લેખ માહિતી પત્રકમાં કરવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોને લીધે કોઈપણ કારણસર એ.સી. બંધ રહેશે તો તેનું કોઈપણ જાતનું રીફંડ આપવામાં આવશે નહીં.
- બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી ટુર તથા અન્ય બજેટ કેટેગરીની ટુરમાં રાત્રિ રોકાણના સ્થળે બુકીંગ મુજબ હોટલ-ગેસ્ટ હાઉસમાં બે વ્યક્તિ વચ્ચે રૂમ આપવામાં આવશે. કેદારનાથમાં રાત્રિ રોકાણ શક્ય બનશે તો અનુકૂળતા મુજબ ૫ થી ૬ પ્રવાસી વચ્ચે અથવા ડોરમેટ્રીની વ્યવસ્થા રહેશે.
- હિમાલયનાં ચારધામ પ્રવાસમાં પ્રવાસીએ પોતાના જ ટુવાલ વાપરવાના રહેશે.
- હોટલના રૂમની અંદર બેડ-ટી કે નાસ્તો કે ભોજનની સગવડતા આપવામાં આવશે નહીં.
- રાત્રિ રોકાણ ન હોય તેવા સ્થળોએ કે જ્યાં ન્હાવા ધોવા માટે જ હોટલમાં વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં ૪ થી ૫ પ્રવાસીની વચ્ચે રૂમ આપવામાં આવશે.
- હોટલના ચેકઆઉટ મુજબ રૂમ આપવામાં-ખાલી કરવામાં આવશે. રાત્રિ રોકાણના સ્થળોએ ગેસ્ટ હાઉસ - હોટેલમાં એડવાન્સ બુકીંગ કરવામાં આવે છે. તેમ છતાં સંજોગોવસાત કોઈ સ્થળે રૂમો ઓછા આપવામાં આવે કે રૂમોનું બુકીંગ કેન્સલ કરવામાં આવે અથવા અન્ય કોઈ સ્થળે વ્યવસ્થા આપવામાં આવે તો તે વ્યવસ્થા દરેક પ્રવાસીને માન્ય રાખવાની રહેશે અને તેનું કોઈપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહીં. પ્રવાસી પોતાની જાતે હોટલ બદલે તો તેનું કોઈપણ જાતનું રીફંડ આપવામાં આવશે નહીં.
- હોટલનાં નિયમ પ્રમાણે હોટલના રૂમમાં કપડાં ધોવાની મનાઈ છે.
- પ્રવાસનાં તારીખવાર સમય-પત્રકમાં દર્શાવેલ હોટલમાં ફેરફાર થવાની શક્યતા છે.
- ડબલ બેડના રૂમમાં ફક્ત એક જ એક્સ્ટ્રા મેટ્રેસીસ (પલંગ વગર) ભોંયતળીયે મૂકી આપવામાં આવશે. જેમાં ત્રણ - ચાર વ્યક્તિઓએ સમાવેશ કરવાનો રહેશે. એક રૂમમાં બે મેટ્રેસીસ આપી શકાશે નહીં.
- એક ટિકિટવાળા સિંગલ પ્રવાસીને હોટલમાં અલગ રૂમ જોઈતો હશે તો તેમણે રૂમ ભાડાની અડધી રકમ અલગથી આપવાની રહેશે.

અપના ભારત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, અમદાવાદ Mobile : 9426171899, 9825064516